હવામાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૦.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૧૮.૦° સે. |
| વલસાડ | ૩૨.૦° સે. | ૧૯.૦° સે. |
| વાપી | ૩૨.૦° સે. | ૧૯.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫

બુધવાર ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬




**આડેધડ પાર્કિંગના કારણે સવાર અને સાંજના પીક સમયમાં ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાઈ**

# ગ્રીડ હાઈવે પર દરરોજ ‘મોત સાથે રેસ’

**અધવચ્ચે** ઊભી રહેતી લક્ઝરી બસોથી અકસ્માતની ભીતિ વચ્ચે SPને તાત્કાલિક કાર્યવાહી માટે રજૂઆત

**પિક** સમયમાં ટ્રાફિક ઠપ અને અટવાતી એમ્બ્યુલન્સ



**બ્રિજ નીચે બેફામ બસો**

નવસારી : નવસારીના ગ્રીડ હાઈવે પર બ્રિજ નીચે ખાનગી લક્ઝરી બસોની મનમાની હવે લોકો માટે ગંભીર જોખમ બની ગઈ છે. મુસાફરોને ચડાવા-ઉતારવાની હોડમાં બસ ચાલકો ટ્રાફિકના નિયમોની ખુલ્લેઆમ અવગણના કરી હાઈવેની વચ્ચેજ બસો ઉભી રાખે છે. જેના કારણે બ્રિજ પરથી ઝડપથી ઉતરતા વાહનચાલકોને અચાનક અવરોધનો સામનો કરવો પડે છે અને દરરોજ અકસ્માતની ભીતિ વચ્ચે મુસાફરી કરવી પડે છે. આ ગંભીર મુદ્દે સ્થાનિક નાગરિક અર્જુનભાઈ ઊકાભાઈ ભરવાડે જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

રજુઆત મુજબ, ગ્રીડ બ્રિજ પરથી વાહનો પૂરઝડપે નીચે આવે છે અને નીચે ઉતરતાની સાથે જ રસ્તાના મધ્યમાં ઉભી રહેલી બસો ‘મૃત્યુનો ફંદો’ સાબિત થઈ શકે તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે. હાઈવે જેવા વ્યસ્ત માર્ગ પર આવી બેદરકારી કોઈપણ સમયે મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અગાઉ પણ આ વિસ્તારમાં નાના-મોટા અકસ્માતો બની ચૂક્યા છે, છતાં સ્થિતિમાં કોઈ અસરકારક સુધારો થયો નથી.

આડેધડ પાર્કિંગના કારણે સવાર અને સાંજના પીક સમયમાં ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાય છે. વાહનોની લાંબી કતારો લાગતા રોજિંદા મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડે છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ટ્રાફિક અવરોધને કારણે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય ઈમરજન્સી સેવાઓના વાહનો પણ સમયસર પસાર થઈ શકતા નથી, જેના કારણે જીવ બચાવવાની પ્રક્રિયા પણ જોખમમાં મુકાઈ રહી છે.

### કાયમી પોલીસની તૈનાતી જરૂરી

સ્થાનિકોએ માંગ કરી છે કે ગ્રીડ બ્રિજ નજીક કાયમી ટ્રાફિક પોલીસ પોઈન્ટ ઉભો કરવામાં આવે, હાઈવે પર ગેરકાયદે રીતે બસો ઉભી રાખતા ચાલકો સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તેમજ સમગ્ર વિસ્તારને સખત રીતે ‘નો-પાર્કિંગ ઝોન’ જાહેર કરી નિયમોનો કડક અમલ કરાવવામાં આવે. લોકોમાં હવે એક જ સવાલ ઉઠી રહ્યો છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના પછી જ જાગશે કે પછી સમયસર પગલાં લઈ આ ‘મોતના પોઈન્ટ’ને સુરક્ષિત બનાવશે? હવે જાહેર સુરક્ષાના આ ગંભીર મુદ્દે પોલીસ અને ટ્રાફિક તંત્રની કાર્યવાહી પર સૌની નજર ટકી છે.

# નવસારીમાં પાઈપલાઈન નંખાઈ છતાં મુખ્ય કનેક્શન બાકી

**અધૂરા** ડ્રેનેજ કામથી વિજલપોરમાં હાલાકી, મૂળભૂત સુવિધા માટે રહેવાસીઓ ત્રસ્ત

**આઉટલેટ** કનેક્શન જોડાયું ન હોવાથી ગંદા પાણીના નિકાલની સમસ્યા યથાવત



### દેવચંદ ચાલમાં પણ ડ્રેનેજ અને પાણીની સમસ્યા અંગે રજૂઆત

નવસારીના વોર્ડ નં. 2માં આવેલી દેવચંદ ચાલના રહેવાસીઓએ પણ સમસ્યાઓને લઈને મહાનગરપાલિકામાં રજૂઆત કરી હતી. રહીશોના જણાવ્યા મુજબ વિસ્તારમાં ડ્રેનેજ વારંવાર ઉભરાય છે, જેના કારણે ગંદકી અને દુર્ગંધની સમસ્યા સર્જાઈ રહી છે. આ ઉપરાંત પીવાના પાણીની સમસ્યા અંગે પણ લોકોએ ફરિયાદ કરી હતી. રહીશોના જણાવ્યા મુજબ પાણી ઓછા દબાણથી અને ઘણી વખત અશુદ્ધ હાલતમાં મળી રહ્યું છે.

નવસારી: વિજલપોર વિસ્તારમાં વોર્ડ નં. 8માં આવેલી મકન વિઠ્ઠલની ચાલમાં છેલ્લા લાંબા સમયથી ડ્રેનેજ સુવિધા અધૂરી રહેતા રહેવાસીઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વિસ્તારામાં ડ્રેનેજ લાઈનનું કામ વર્ષ 2023 દરમિયાન શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ પાઈપલાઈન નાંખાયા છતાં મુખ્ય આઉટલેટ કનેક્શન જોડાયું ન હોવાથી ગંદા પાણીના નિકાલની સમસ્યા યથાવત રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ડ્રેનેજ વ્યવસ્થા કાર્યરત ન હોવાથી વિસ્તારમાં લોકોને ખુલ્લામાં શૌચ કરવા મજબૂર થવું પડી રહ્યું છે. રહેવાસીઓનું કહેવું છે કે પાઈપલાઈનનું કામ કાગળ પર પૂર્ણ બતાવવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવમાં સુવિધાનો લાભ હજુ સુધી મળ્યો નથી.

આ સમસ્યા અંગે સ્થાનિકોએ અનેક વખત મહાનગરપાલિકા તંત્રને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી છે. થોડા સમય પહેલા આ મુદ્દે મહાનગરપાલિકા કમિશનર, જિલ્લા સ્તરના આગેવાનો અને સ્થાનિક ધારાસભ્યની હાજરીમાં બેઠક પણ યોજાઈ હતી, જેમાં સમસ્યાનો ઉકેલ લાવવાની ખાતરી આપવામાં આવી હતી. તેમ છતાં સ્થળ પર હજી સુધી કોઈ નોંધપાત્ર કામગીરી હાથ ધરાઈ નથી.

સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે મુખ્ય ડ્રેનેજ કનેક્શન જોડીને નિકાલની સુવિધા શરૂ કરવાની માંગ કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો તેઓ મહાનગરપાલિકા કચેરી ખાતે આંદોલન કરવાનો માર્ગ અપનાવશે.

# નવસારી જિલ્લા પંચાયતની બેઠકોનું આરક્ષણ જાહેર

**માત્ર** ચાર બેઠકો બિનઅનામત સામાન્ય, અનેક દાવેદારો માટે બદલાયું ચૂંટણી ગણિત

**આદિવાસી** પટ્ટામાં નવા નેતૃત્વ માટે તક, પક્ષોમાં ઉમેદવાર પસંદગી માટે દોડધામ

નવસારી : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નવસારી જિલ્લા પંચાયતની કુલ 30 બેઠકો માટે આરક્ષણની યાદી જાહેર કરવામાં આવતા જિલ્લામાં રાજકીય ચહલપહલ વધી ગઈ છે. નવી અનામત વ્યવસ્થામાં અનુસૂચિત આદિજાતિ (ST) માટે બહુમતી બેઠકો ફાળવાતા આવનારી ચૂંટણી પહેલા રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

જાહેર થયેલી વિગતો મુજબ જિલ્લામાં બારતાડ, બોદાલી, ગણદેવી, ખાટાઆંબા, સાદકપોર, સાતેમ, ઉનાઈ અને વાંગણ સહિત અનેક બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે ચાપલધરા, કછોલી, ખેરગામ, ખુધ, કુકેરી, પનાર, સિસોદ્રા, સુપા અને વાંસદા બેઠકો અનુસૂચિત આદિજાતિ મહિલા માટે ફાળવવામાં આવી છે.

આછવણી અને ઘેજ બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલા માટે અનામત જાહેર કરવામાં આવી છે, જ્યારે મહુવર બેઠક સા. શૈ. પછાતવર્ગ માટે રાખવામાં આવી છે. અમલસાડ, દેવસર, માંડવખડ અને સમરોલી બેઠકો સામાન્ય મહિલા માટે અનામત જાહેર કરવામાં આવી છે. જલાલપોર તાલુકાની વેસ્મા બેઠક અનુસૂચિત જાતિ (SC) માટે ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લામાં બિગરી, રુમલા, સરીબુજરંગ અને વાંસદા સહિત માત્ર ચાર બેઠકો બિનઅનામત સામાન્ય તરીકે રાખવામાં આવી છે. જેના કારણે સામાન્ય વર્ગના સંભવિત દાવેદારો માટે ચૂંટણીની તકો મર્યાદિત બની છે. ઘણા વિસ્તારોમાં લાંબા સમયથી તૈયારી કરતા દાવેદારો માટે અનામત બદલાવ પડકારરૂપ બન્યો છે.

### રાજકીય સમીકરણોમાં ફેરફાર

ચીખલી, વાંસદા અને ખેરગામ તાલુકાના આદિવાસી વિસ્તારોમાં ST અનામતનું પ્રમાણ વધુ હોવાથી આ વિસ્તારોમાં નવા આદિવાસી નેતૃત્વ માટે તક ઊભી થઈ છે. નવસારી તાલુકાની સાતેમ, સિસોદ્રા અને સુપા બેઠકો પણ ST અને મહિલા અનામત હેઠળ આવતાં શહેર વિસ્તાર નજીક પણ રાજકીય સમીકરણોમાં ફેરફાર જોવા મળી રહ્યો છે.

### રાજકીય પક્ષોમાં ઉમેદવાર પસંદગી માટે દોડધામ

આરક્ષણ જાહેર થતાં જ ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોમાં ઉમેદવાર પસંદગી માટે આંતરિક ચર્ચાઓ અને દોડધામ શરૂ થઈ ગઈ છે. રાજકીય વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે કે આ વખતે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં વ્યક્તિગત પ્રભાવ કરતાં સામાજિક સમીકરણો અને સ્થાનિક સંગઠન શક્તિ વધુ મહત્વપૂર્ણ સાબિત થશે.

# નવસારીમાં મધ્યાહ્ન ભોજન લેવાનું ટાળતા અડધોઅડધ બાળકો?!

**બાળકોને** પીરસાતા મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા બાબતે ધારાસભ્યની મુખ્યમંત્રીને પત્ર દ્વારા રજૂઆત

વાંસદા: નવસારી જિલ્લાની શાળાઓમાં બાળકોને પીરસાતા મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા જળવાતી નહીં હોવાની ફરિયાદને લઈને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરાઈ છે. પહેલાની જેમ શાળાઓમાં જ મધ્યાહ્ન ભોજન બનાવી પીરસવામાં એવી રજૂઆત કરાઈ છે.

ધારાસભ્ય અનંત પટેલ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી નવસારીમાં મધ્યાહ્ન ભોજન ગુણવત્તાયુક્ત અને હેલ્થી આપવા માટે રજૂઆત કરાઈ છે. હાલ નવસારી જિલ્લામાં તમામ શાળાઓમાં નાયક ફાઉન્ડેશન દ્વારા ભોજન પીરસાઈ રહ્યું છે. આ ભોજન બાબતે અવારનવાર ગુણવત્તા બાબતના પ્રશ્નો અને ફરિયાદો થઈ રહ્યા છે. આ એનજીઓ મારફત ભોજન માત્ર નવસારી જિલ્લામાં જ પીરસાઈ રહ્યું છે. જે યોજના બંધ કરી અગાઉની આદર્શ સ્થિતિ પ્રમાણે ફરીથી શાળા કક્ષાએ જ રસોઈ બનાવવામાં આવે તો સ્થાનિક બેરોજગારને રોજગારી પણ મળી શકે તેમજ બાળકોને ગુણવત્તાયુક્ત તાજું ભોજન પણ મળી રહેશે. આ ભોજન બનાવવાની સમગ્ર પ્રક્રિયા શાળા પરિસરમાં થતા શાળાનો સ્ટાફ પણ તેના પર સીધું મોનિટરીંગ કરી શકે છે.

જિલ્લાની તમામ શાળાના અડધા બાળકો આ ભોજન લેવાનું ટાળી રહ્યા છે. જો ખાનગી એજન્સી દ્વારા પૌષ્ટિક અને સારું ભોજન ન પીરસવામાં આવતું હોય તો આવી એજન્સીને રદ કરાવી સ્થાનિક પ્રાથમિક શાળા તેમજ વર્ગશાળામાં ભોજન બનાવવું જોઈએ. જો સંબંધિત એજન્સીને રદ કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ન્યાય મેળવવા માટે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

# વિરાર વાપી વચ્ચે મેમુ ટ્રેન સેવા શરૂ કરવા રજૂઆત

**ઉમરગામ** પાલઘર વચ્ચે ઉધના બાંદ્રા પેસેન્જર ટ્રેનના બિનજરૂરી સાઇડિંગની સમીક્ષા કરવા માગ

**પાલઘરના** સાંસદ ડો હેમંત સવરાએ રેલ્વે બોર્ડ દિલ્હી સમક્ષ માંગણી કરી

ઉમરગામ : ઉમરગામ-પાલઘર વચ્ચે ઉધના- બાંદ્રા પેસેન્જર ટ્રેનનો મુસાફરી સમય સુનિશ્ચિત કરવા, તેમજ વિરાર - વાપી વચ્ચે મેમુ ટ્રેન સેવા શરૂ કરવા રેલવે બોર્ડ સમક્ષ રજૂઆત કરવામા આવી છે.

મહારાષ્ટ્રના પાલઘર લોકસભાના સાંસદ ડૉ. હેમંત સવરાએ સતીશ કુમાર ચેરમેન અને સીઈઓ રેલવે બોર્ડ દિલ્હી સમક્ષ ઉમરગામ-પાલઘર વચ્ચે ચાલતી ઉધના- બાંદ્રા પેસેન્જર ટ્રેનનો મુસાફરી દરમિયાનનો સમય સુનિશ્ચિત કરવા રજૂઆત કરી છે આ ટ્રેનને ધોલવડ અને દહાણુ સ્ટેશન પર વધુ પડતી સાઈડિંગના કારણે ઉમરગામથી પાલઘર વચ્ચે વાસ્તવિક મુસાફરી અંતર માત્ર 50 મિનિટનો છે તેની જગ્યાએ બે કલાકનો સમય નીકળી જાય છે મુસાફરોને પડતી હાલાકી દૂર કરવા સમય સુનિશ્ચિત કરવા રજૂઆત કરી છે.

વધુમાં ઉમરગામ અને વાપી વચ્ચે ઝડપથી ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે. વિરાર સફાલે પાલઘર દહાણુ ઘોલવાડથી હજારો કામદારો ઉમરગામથી વાપી વચ્ચે મુસાફરી કરે છે. સાંજના તથા સવારના સમયે મેમુ ટ્રેનની સેવા શરૂ કરવામાં આવે તો મુસાફરોને કામદારોને ખૂબ જ રાહત થાય તેમ છે તથા ઉદ્યોગોના વિકાસ માટે પણ આ ટ્રેન સુવિધા ખૂબ જ જરૂરી છે.

## સંક્ષિપ્ત સમાચાર


### રાનકુવામાં રાત્રિ કબડ્ડી અને રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન

ઘેજ : ચીખલી તાલુકાના રાનકુવા ખાતે સમસ્ત આદિવાસી સમાજ રાનકુવા ઝોન દ્વારા આયોજિત રાત્રિ કબડ્ડી અને રસ્સા ખેંચની




સ્પર્ધાનું આયોજન ચીખલી તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ હિતેશ પટેલ, હાર્દિક પટેલ, ધવલ પટેલ, મનીષ પટેલ, હિતેશ પટેલ સહિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે ડૉ.પ્રદીપ ગરાસિયા, ગુજરાત રાજ્ય પ્રમુખ, સમસ્ત આદિવાસી સમાજ ડૉ.નિરવ પટેલ, પ્રમુખ સમસ્ત આદિવાસી સમાજ નવસારી, ડી.એમ.પટેલ, હિતેશ પટેલ રાનવેરી, મનીષ ધોડિયા, કાર્તિક તેમજ જયેશ પટેલ, ચીખલી સરપંચ એસોસિયન પ્રમુખ, મીણકચ્છ, નલિન પટેલ વાંઝણા સરપંચ, જયવર્ધન પટેલ કાંગવઈ સરપંચ, નીરવ પટેલ રાનવેરી કલ્લા સહીત અન્ય મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કબડ્ડી અને રસ્સાખેંચમા ખૂબ જ રસાકસીભરી મેચો બાદ વિજેતા ટીમોને ટ્રોફી અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાત્રિ કબડ્ડી સ્પર્ધામા રાનકુવા પ્રથમ, રાજપીપળા દ્વિતીય, તૃતીય ક્રમે નાગધરા અને રસ્સાખેંચ સ્પર્ધામા પ્રથમ ક્રમે સાદડવેલ, દ્વિતીય ક્રમે બીલીમોરા અને તૃતીય ક્રમે રાનકુવા વિજેતા થયા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### ધરમપુરમાં હોળી-ધૂળેટી પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ




ધરમપુર : ધરમપુર તાલુકામાં હોળી-ધૂળેટી પર્વને અનુલક્ષીને પોલીસ ઇન્સ્પેક્ટર નિખિલ ભોયાના માર્ગદર્શન હેઠળ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. તાલુકાના વિવિધ હાટ-બજારોમાં મોટી સંખ્યામાં લોકો અને વેપારીઓ ઉમટતા હોય છે, ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવા પર ભાર મૂકાયો. ચરસ-ગાંજા જેવી નશીલી પદાર્થોની હેરફેર અને વેચાણ પર કડક નજર રાખી કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. કેટલાક યુવાનો દ્વારા બાઇકોમાં સાઇલેન્સર કાઢીને વધુ અવાજ સાથે બેદરકારીપૂર્વક વાહન ચલાવવતા તત્વો સામે દંડાત્મક પગલાં લેવા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા સૂચનાઓ આપવામાં આવ્યા હતાં. બેઠકમાં નગરજનો, વેપારી મંડળના પ્રતિનિધિઓ, પાલિકાના પ્રમુખ મનટુ મોદી, સભ્ય નરેશ પટેલ, વસંત કોટક ભાજપના શાસક પક્ષના નેતા સંજયભાઈ દેસાઈ, મુસ્લિમ સુન્નત જમાતના પ્રમુખ સબ્બીર બાહનાન સહિતના હાજર રહ્યા હતાં.

### પારડીના રેંટલાવ રોડ પર યુવાનને બાઈક ચાલકે ટક્કર મારી




પારડી : પારડીના રેંટલાવ રોડ પર રાહદારીને બાઈકચાલકે અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. પારડી તાલુકાના રેંટલાવ અંબિકા હાઉસિંગ સોસાયટીમાં રહેતા ધનેશ નાથુભાઈ જોશી તેની માતા માટે બજારમાં નાસ્તો લેવા ગયો હતો. જે પરત પોતાના ઘરે ફરતા સમયે બાઈકચાલક અમન સતિષ પવારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેની જાણ આસપાસના લોકોને થતાં સ્થળ ઉપર આવી પહોંચ્યા હતા અને ઇજાગ્રસ્તને વાપી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેઓને માથાના ભાગે ઈજા તથા જમણા પગે ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું હતું. સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ અંગે પારડી પોલીસ મથકે ઇજાગ્રસ્તના મિત્ર હર્ષ શાંતિલાલ વશીએ બાઈકચાલક અમન પવાર (રહે. સારણ તા. પારડી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### નવસારીમાં ઉનાળાની એન્ટ્રી, તાપમાન 36 પાર

નવસારી: નવસારીમાં ઉનાળાની અસર હવે સ્પષ્ટ દેખાવા લાગી છે. તા. 24 ફેબ્રુઆરીએ ગરમીમાં વધુ વધારો નોંધાયો અને મહત્તમ તાપમાન 36.0 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું. લઘુત્તમ તાપમાન 17.5 ડિગ્રી રહ્યું હતું. સવારે ભેજનું પ્રમાણ 90 ટકા સુધી વધતા દિવસની શરૂઆતમાં જ ભેજયુક્ત ગરમીનો અનુભવ થયો હતો, જ્યારે સાંજે ભેજ 33 ટકા નોંધાયું હતું. પવનની ઝડપ 2.1 કિમી પ્રતિ કલાક રહી હતી અને દક્ષિણ-પૂર્વ દિશાથી હળવો પવન ફૂંકાયો હતો.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ દિવસ દરમિયાન તીવ્ર ગરમી અને સવારે ઉકળાટ જેવી પરિસ્થિતિ યથાવત રહી શકે છે.

# સાપુતારા ચેકપોસ્ટ પરથી લાખોના વિદેશી દારૂ સાથે એક ઝડપાયો




સાપુતારા : ડાંગના પોલીસ અધિક્ષક પૂજા યાદવની સૂચના મુજબ, નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.પી.ડી.ગોંડલીયાની પોલીસની ટીમે વાહન ચેકિંગ દરમિયાન મહારાષ્ટ્ર રાજ્ય તરફથી આવતા એક અશોક લેલન્ડ ‘છોટા હાથી’ મિની ટેમ્પો (નં GJ-01-DY-7741) ને શંકાના આધારે રોકી તપાસ કરતા ટેમ્પોમાં ખાલી ફાલકાની ઉપર તાળપત્રી વીંટાળી તેની આડમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો હતો. પોલીસે આ ટેમ્પોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની વ્હીસ્કી અને વોડકાની કુલ ૧૧૫૨ બોટલો (૨૦૭.૩૬ લિટર) કબજે કરી છે, જેની કિંમત રૂપિયા ૧,૪૫,૭૫૦ જેટલી થાય છે. આ સાથે રૂપિયા ૩,૪૭,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ગુનામાં પોલીસે ટેમ્પો ચાલક ઉપેન્દ્ર છટુ પ્રસાદ (ઉં ૫૦, સુરતના કીમ) ની ધરપકડ કરી દારૂના નેટવર્કમાં સામેલ આરોપી, જ્ઞાનેશ્વર ઉર્ફે અનિલ ઉર્ફે ચીકના દયારામ પાટીલ (રહે. સુરત) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

### નાયક ફાઉન્ડેશનના મધ્યાહન ભોજનની હલકી ગુણવત્તા બાબતે મુખ્યમંત્રીને રજૂઆત

ખેરગામ : ખેરગામ તાલુકાની નાંધઈ પ્રાથમિક શાળામાં બાળકોને પીરસવામાં આવેલા ચણાના શાકમાંથી અખાદ્ય ચીજવસ્તુની પોટલી મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. આ ગંભીર મુદ્દે સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ અને ડો.નીરવ પટેલે મુખ્યમંત્રી કાર્યાલય (OSD) અને કલેક્ટરને લેખિત રજૂઆત કરી (નાયક ફાઉન્ડેશન)ની વ્યવસ્થા તાત્કાલિક બંધ કરવાની માંગ કરવામાં આવી છે.

# જંક્શન પર સર્કલના નિર્માણની માંગ અધૂરી

**સુરખાઇ**-અનાવલ રોડના વિસ્તુતિકરણ દરમ્યાન જરૂરી જમીન સંપાદનની કાર્યવાહી કરાઇ નહીં




ઘેજ : ચીખલી તાલુકાના સુરખાઈ-અનાવલ રોડના માર્ગ મકાન દ્વારા વિસ્તુતિકરણના કામ દરમ્યાન ધોળીકુવા ચાર રસ્તાના જંક્શન પાસે જરૂરી જમીન સંપાદનની કાર્યવાહી ન કરી ટ્રાફિક આઈલેન્ડ (સર્કલ) ની જોગવાઈ ન કરવામાં આવતા સ્થાનિકોમાં રોષ સાથે નારાજગી ફેલાયો છે. ધોળીકુવા ટ્રાફિક જંક્શન પર વ્યાપક ટ્રાફિકના પગલે સ્થાનિકો દ્વારા વર્ષોથી સર્કલના નિર્માણની માંગ કરવામાં આવી રહી છે.

માર્ગ મકાન હાલે સુરખાઈ-અનાવલ માર્ગની પહોળાઈ વધારવાનું કામ ચાલી રહ્યું છે. આ માર્ગ ઉપર કુકેરીના ધોળીકુવા ચાર રસ્તા જંક્શન વાહનોની વ્યાપક અવર જવરથી ધમધમતું હોય છે. અહીં એક તરફ સુરખાઈ પાસે વાંસદા રાજ્યધોરી માર્ગને તો બીજી તરફ સુરત જિલ્લાના અનાવલને જોડતો માર્ગ છે. જ્યારે બીજો માર્ગ ચાપલધરા-ચક્કરિયાથી વાંસદા રોડને જ્યારે બીજી તરફ બોડવાંક અને ટાંકલથી ખારેલ નેશનલ હાઈવે અને નવનિર્મિત વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વે ને જોડે છે. આમ ધોળીકુવા ચાર રસ્તાનું જંક્શન સતત ટ્રાફિકથી ધમધમતું રહે છે. સ્થાનિકો દ્વારા જનતાની સુવિધા માટે ટ્રાફિક સર્કલના નિર્માણની માંગ કરવામાં આવી છે. અગાઉ કેબિનેટ મંત્રી નરેશ પટેલને સ્થાનિક આગેવાનો દ્વારા અવગત કરાતા માર્ગ મકાન વિભાગ દ્વારા ડામરના ચાર ખાલી પીપ ગોઠવી સંતોષ માનવામાં આવ્યો હતો.

### મંદિરને ખસેડી નવા મંદિરના નિર્માણની તજવીજ

આ સ્થળે સ્થાનિકોની આસ્થાનું કેન્દ્ર એવા પવનપુત્ર હનુમાનજીના મંદિરને ખસેડવાની પણ કોઈ દરકાર માર્ગ મકાન દ્વારા ન કરાતા હાલે સ્થાનિકો દ્વારા ભૂદેવો પાસે જરૂરી વિધિવધન અને પૂજા કરી મંદિરને ખસેડી નવા મંદિરના નિર્માણની તજવીજ હાથ ધરી છે. આમ માર્ગ મકાન દ્વારા ધોળીકુવામાં જરૂરી જમીન સંપાદન કરી સર્કલના નિર્માણ માટે કમર કસવામાં આવે તે જરૂરી છે.